# અનુપાલન અધિકારી

અનુપાલન અધિકારીની જવાબદારી એ સુનિશ્ચિત કરવાની છે કે તેઓ જે કંપની માટે કામ કરે છે તે કંપની તેના કામ પર લાગુ થતા બાહ્ય નિયમો તેમજ કંપનીની પોતાની આંતરિક માર્ગદર્શિકાઓનું પાલન કરે છે. તે અથવા તેણી અયોગ્ય વ્યવસાય પ્રથાઓને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે લોકોને માર્ગદર્શન પુરું પાડીને કામ કરવા માટે પ્રેરી શકો છો
- તમે કામનો રેકોર્ડ રાખવામાં સારા છો.
- તમે સાવચેત અને સુયોજીત વ્યક્તિ છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૨,૦૦૦ થી ૭,૫૬,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/ કાયદા/ અર્થશાસ્ત્ર/ ફાઇનાન્સ અથવા અન્ય સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

**અથવા**

ગુણવત્તા ખાતરી અને પાલન/કોર્પોરેટ કાયદા વગેરેમાં ડિપ્લોમા પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની પદવી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી મેળવો.

૩. કમ્પ્લાયન્સ ટ્રેનિંગ કોર્સ/ ઇન્ડિયન રેગ્યુલેટરી પ્રેક્ટીસ પર એડવાન્સ સર્ટીફિકેશન/ સર્ટીફિકેશન અને ફાઉન્ડેશન અને એડવાન્સ્ડ પેરોલ અને કમ્પ્લાયન્સ મેનેજમેન્ટ અંગેના કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અનુપાલન અધિકારીનો માસિક પગાર આશરે **રૂ. ૧૮,૦૦૦ થી ૧,૬૦,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય શકે છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Compliance_Officer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો અને નાણાકીય સંસ્થાઓ, નાણાકીય અને ઈનવેસ્ટમેન્ટ બ્રોકરેજ, બહુરાષ્ટ્રીય કંપનીઓ સહિત અન્ય નિયમનકારી સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી એ તમારી નોકરીની ભૂમિકાનો એક ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર એકાઉન્ટન્ટ → એકાઉન્ટ્સ એક્ઝિક્યુટિવ (વૈધાનિક પાલન) → આસિસ્ટન્ટ મેનેજર → મેનેજર → સિનિયર મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કમ્પલાયન્સ ઓફિસર, સેલ્સ એન્ડ ટ્રેડીંગ કમ્પલાયન્સ ઓફિસર, સિક્યોરીટી કમ્પલાયન્સ ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ કાયદા વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી, બેંગ્લોર
૨. નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી
૩. ઈન્ડિયન લો સોસાયટીની લો કોલેજ, પુણે
૪. નેશનલ લો યુનિવર્સિટી હૈદરાબાદ
૫. પશ્ચિમ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઓફ જ્યુરીડિકલ સાયન્સ, કોલકાતા
૬. જામિયામિલિયા ઈસ્લામિયા, દિલ્હી
૭. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર
૮. નેશનલ લો યુનિવર્સિટી, જોધપુર

**ખાનગી સંસ્થાઓ**
(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. સિમ્બાયોસિસ લો સ્કૂલ, પુણે
૨. આર્મી ઈન્સ્ટીટ્યુટ ઓફ લો, મોહાલી
૩. સ્કૂલ ઓફ લો, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઑફ લૉ, ભુવનેશ્વર
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. જિંદાલ ગ્લોબલ લો સ્કૂલ, સોનીપત
૭. સ્કૂલ ઑફ લૉ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ અને યુનિવર્સિટી સ્ટડીઝ, દેહરાદૂન
૮. આઈ.સી.એફ.એ.આઈ. લો સ્કૂલ, હૈદરાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો
વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

એન્જલ વન, એક ભારતીય સ્ટોક બ્રોકર ફર્મે, વર્ષ ૨૦૨૨માં **પ્રવિણ બાથે**ને મુખ્ય કાનૂની અને અનુપાલન અધિકારી તરીકે નિયુક્ત કર્યા. બાથેએ અગાઉ, સીટી જૂથ સાથે તેમના ભારત ખાતેના અનુપાલન વડા તરીકે કામ કર્યું હતું. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી. તથા સાવિત્રીબાઈ ફૂલેપૂણે યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં એમ.એ. અને બેંકિંગ અને ફાઈનાન્સમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલી છે.*

સ્રોત: https://aninews.in/news/business/business/fintech-company-angel-one-limited-appoints-ex-citigroup-dr-pravin-bathe-as-the-chief-legal-and-compliance-officer20220308132657/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.